Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



**Shree Atmanand Prakash**

**श्री आत्मानंद प्रकाश**

न कस्याप्य शुभं वाञ्छेनपिकुर्याश्च किञ्चन ।
प्रवतस्व यथाशक्ति परेषां हितसाधने ।।

કોઈનું બુરું ઇચ્છીશ નહિ, કોઈનું બુરું કરીશ નહિ;
બીજાઓનું ભલુ કરવામાં જ, યથાશક્તિ ઉદ્યત રહેજે.

Neither do not wish ILL to anyone,
Try according to your ability for the benefit of others.


પુસ્તક : ૯૨
卐
અંક : ૫-૬

ફાગણ-ચૈત્ર
卐
માર્ચ-એપ્રિલ : ૯૫

આત્મ સંવત : ૯૯
વીર સંવત : ૨૫૨૧
વિક્રમ સંવત : ૨૦૫૧


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | શ્રી મહાવીરસ્વામી ભગવાનનો અંતિમ ઉપદેશ | — | ૨૫ |
| (૨) | નામદાર પોપને વેટિકનમાં મળેલું સર્વ પ્રથમ જૈન ડેલિગેશન | સંકલન : કુમારપાળ દેસાઇ | ૨૬ |
| (૩) | બા. બ્ર. પૂ. શ્રી શારદાબાઇ મહાસતીજીના વ્યાખ્યાન માળામાંથી | કાંતીભાઇ આર. સલોત | ૨૮ |
| (૪) | હિન્દી વિભાગ | | |


## નવા આજીવન સભ્યશ્રીઓની યાદી

૧ શ્રી સુરેશચન્દ્ર સુંદરજીભાઇ બાવીસી ભાવનગર
૨ શ્રી વિનુભાઈ સુખલાલ શાહ ભાવનગર
૩ શ્રી મનુભાઇ ધરમશીભાઈ મહેતા—ઘેટીવાળા ભાવનગર
૪ શ્રી નાનચંદ જુઠાભાઇ શાહ ભાવનગર
૫ શ્રીમતિ લીલાવંતીબેન નાનચંદભાઇ શાહ ભાવનગર
૬ શ્રી શશીકાન્ત નાનચંદભાઇ શાહ ભાવનગર
૭ શ્રીમતિ હર્ષાબેન શશીકાન્ત શાહ ભાવનગર

## નવા પેટ્રન સભ્યશ્રીઓની યાદી

૧ શ્રી પીંડીદાસ પરમાણુંદાસ જૈન આગ્રા
૨ શ્રી વિનોદરાય જગજીવનદાસ પરીખ—વકીલ ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી આત્માનંદ પ્રકાશ

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ

# શ્રી મહાવીરસ્વામી ભગવાનનો અંતિમ ઉપદેશ

જેને મોહ નથી તેનું દુઃખ ગયું,
જેને તૃષ્ણા નથી તેનો મોહ ગયો;
જેને લોભ નથી તેની તૃષ્ણા ગઇ,
પરંતુ જેનું કાંઈ નથી તે સર્વસ્વને પામે છે.

જ્યારે ઘર સળગે છે ત્યારે ઘરનો ધણી તેમાંથી સાર વસ્તુઓ લે છે અને અસાર વસ્તુઓ જતી કરે છે....તેમ જરા અને મરણથી સળગેલા આ સંસારમાં સારરૂપ ગ્રહણ કરો તો આત્મા જરૂર તરી જશે....

પશુઓને યજ્ઞમાં બાંધવા – હોમવા વિગેરે યજ્ઞકર્મો તથા તેમનું વિધાન કરનારા બધા જ વેદો પાપકર્મના કારણરૂપ હોઇ દુશ્શીલ માણસ કદિ દુઃખોમાંથી મુક્ત થઇ શકતો નથી, કર્મો જ જગતમાં સૌથી બળવાન છે....

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# નામદાર પોપને વેટિકનમાં મળેલું સર્વ પ્રથમ જૈન ડેલિગેશન

સંકલન : શ્રી કુમારપાળ દેસાઇ

વિશ્વભરના જૈનોનું પ્રતિનિધિત્વ ધરાવતા સર્વપ્રથમ જૈન ડેલિગેશનને આવકારતાં નામદાર પોપ પોલ જ્હોને (દ્વિતીય) આનંદ વ્યક્ત કર્યો હતો અને જૈનધર્મની સમૃદ્ધ પરંપરાની વાત કરીને આ સદીના મહાપુરૂષ મહાત્મા ગાંધીજી પર આ ધર્મના પ્રભાવનો ઉલ્લેખ કર્યો હતો. પૂર્વ આફ્રિકા, સીંગાપુર, હોંગકોંગ, જાપાન, ભારત, અમેરિકા, કેનેડા અને ઇંગ્લેન્ડથી આવેલા જૈન પ્રતિનિધિઓને નામદાર પોપ જ્હોન પોલ (દ્વિતીય) અંગત રીતે મળ્યા હતા. વિશ્વમાં જૈન ધર્મ અંગે કાર્ય કરતી ઇન્સ્ટિટયૂટ ઓફ જૈનોલોજી આયોજીત આ મુલાકાતમાં જૈન પ્રતિનિધિઓએ નામદાર પોપને જૈન ધર્મ વિષેનાં અંગ્રેજી પુસ્તકો અર્પણ કર્યા હતાં, જેના પ્રત્યુત્તરમાં નામદાર પોપે આશીર્વાદ સાથે ફરી આવવા અને મળવા માટે નિમંત્રણ પાઠવ્યું હતું.

ભારતના બ્રિટન ખાતેના હાઇકમિશ્નર, કાયદાવિદ્ અને વિચારક ડો. એલ. એમ સિંઘવીએ આ ડેલિગેશનનું નેતૃત્વ સંભાળ્યું હતું વિશાળ ખંડમાં નામદાર પોપ પધારતાં તેઓનું અભિવાદન કર્યું હતું અને આ ડેલિગેશનના ઉદ્દેશ પર પ્રકાશ પાડ્યો હતો. ઇન્સ્ટિટયૂટ ઓફ જૈનોલોજીના ચેરમેન શ્રી રતિભાઇ ચંદરયા, ભારતના તમામ સંપ્રદાયનું પ્રતિનિધિત્વ ધરાવતી ભગવાન મહાવીર મેમોરિયલ સમિતિના અધ્યક્ષ શ્રી દીપચંદ ગાર્ડી, ઇંગ્લેન્ડના ઓસવાળ એસોસિએશનના પ્રમુખ શ્રી પ્રેમ શાહ, ઇંગ્લેન્ડની નવ નાત વણિક એસોસિએશનના પ્રમુખ શ્રી વિનોદ ઉદાણી તથા અમેરિકાના યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિયાના ડો. પદ્મનાભ જૈનીએ જૈન ધર્મ વિષયક ગ્રંથો આપ્યા હતા. ઇન્સ્ટિટયૂટ ઓફ જૈનોલોજીના ટ્રસ્ટી શ્રી રતિ શાહ, ગુજરાત યુનિવર્સિટીના અધ્યાપક અને સાહિત્યકાર ડો. કુમારપાળ દેસાઇ, ઇંગ્લેન્ડના જૈન એજ્યુકેશન બોર્ડના ચેરમેન શ્રી વિનોદ કપાસી, યંગ જૈન્સના પ્રમુખ શ્રીમતિ દીના શાહ, યુ. કે.ના ઓસવાળ એસોસિએશનના વાઇસપ્રેસિડેન્ટ શ્રી રતિ ધનાણી, નવનાત વણિક એસોસિએશનના ટ્રસ્ટી શ્રી બિપિન મહેતા, ઇન્સ્ટિટયૂટ ઓફ જૈનોલોજીના કો-ઓર્ડિનેટર અને સમગ્ર આયોજનના પ્રાણ સમા શ્રી નેમુ ચંદરયા તથા શ્રીમતિ કમલા સિંઘવી અને શ્રીમતિ મીના ચંદરયા વગેરે ડેલિગેશનના પ્રતિનિધિ તરીકે નામદાર પોપને પ્રત્યક્ષ મળ્યા હતા. વેટિકનમાં યોજાયેલી આ મુલાકાતને કારણે જૈન ધર્મ, પરંપરા અને જૈનદર્શન વિષે વ્યાપકપણે જિજ્ઞાસા જાગૃત થઇ. ધર્મની ઉમદા ભાવનાના આદાનપ્રદાન દ્વારા આવતી કાલના વિશ્વનું ઉજ્જવળ ભાવિ રચવાના નિર્ધારનો અનુભવ થયો. આ પ્રસંગે નામદાર પોપની સાથે બિશપ માઇકલ એલ. ફિત્ઝરાલ્ડ તથા અન્ય અગ્રીમ ધર્મગુરુઓ ઉપસ્થિત હતા.

આ ઐતિહાસિક પ્રસંગ પૂર્વે "પોન્ટીફિસીયલ ફોર ઇન્ટરરીલિજિયસ ડાયલોગ" (પી. સી. આઇ. ડી.) સાથે વેટિકનમાં જૈન પ્રતિનિધિઓની લાંબી અને ફળદાયી ચર્ચા યોજાઇ હતી. કાર્યક્રમના પ્રારંભે ચેરમેન કાર્ડિનલ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ફ્રાન્સિસ અરિનેઝે જૈન ડેલિગેશનને ઉમળકાભર્યો આવકાર આપ્યો. એ પછી બંને ધર્મોની ભક્તિસભર પ્રાર્થના થઈ. જૈન ડેલિગેશન વતી સ્વાગત પ્રવચનમાં ડૉ. એલ. એમ. સિંઘવીએ ઇન્ટર-ફેઇથ ડાયલૉગ માટેના આ મહત્ત્વપૂર્ણ સ્થળે મળતાં આનંદ પ્રગટ કર્યો અને વેટિકન એનું મુખ્ય મથક બને છે, તે બાબતને નોંધપાત્ર ગણાવી. જૈન પરંપરાની વાત કરીને એમણે શ્રીમદ્ રાજચંદ્ર મારફતે મહાત્મા ગાંધીજી પર પડેલા આ ધર્મના આધ્યાત્મિક પ્રભાવનો ખ્યાલ આપ્યો. એ પછી જૈન ધર્મના મહત્ત્વનાં સિદ્ધાંતો વિષે માર્મિક પરિચય આપતાં ડૉ. પદ્મનાભ જૈનીએ અહિંસા અને અપરિગ્રહના સિદ્ધાંતની મહત્તા બતાવી. જૈન ધર્મની ઇશ્વર, ચારિત્ર્ય, પવિત્રતા જેવી વિચારસરણી સ્પષ્ટ કરવાની સાથોસાથ એમણે એના અપરિગ્રહના સિદ્ધાંતને વર્તમાન એન્વાયરમેન્ટ સાથે ગાઢ સંબંધ ધરાવતો દર્શાવ્યો. ડૉ. કુમારપાળ દેસાઇએ જૈનોના સાંસ્કૃતિક પ્રદાનની વાત દર્શાવતાં અહિંસા, ધર્મસંહિષ્ણુતા, અનેકાન્ત અને માનવીય મૂલ્યોના આ ધર્મએ કરેલા પુરસ્કારને ભારપૂર્વક દર્શાવ્યો. એટલું જ નહીં, પણ આવતી કાલના વિશ્વને વધુ વસવા યોગ્ય બનાવવા માટે જૈન ધર્મની વ્યાપકતા, શાકાહાર, ઇકોલૉજી, અપરિગ્રહ જેવી બાબતોની યથાર્થતા પ્રગટ કરી. બ્રિટનના શ્રી વિનોદ કપાસીએ ભારતની બહાર જુદા જુદા દેશોમાં ફેલાયેલા જૈનોની પ્રવૃત્તિનો માર્મિક ખ્યાલ આપીને કહ્યું કે હવે જૈન ધર્મ ભારત સિવાય ઇંગ્લેન્ડ, અમેરિકા, પૂર્વ આફ્રિકા જેવા દેશોમાં આગવું પ્રદાન કરે છે અને એ સંદર્ભમાં ઇન્સ્ટિટયૂટ ઑફ જૈનોલૉજીએ કરેલા "તત્ત્વાર્થ સૂત્ર"ના પ્રકાશનની વાત કરી હતી. આ પછી કાર્ડિનલ ફ્રાન્સિસ અરિનેઝ, બિશપ માઇકલ ફિત્ઝરાલ્ડ, ફાધર જ્હૉન મસાયુકી શિરિડા, આર્ચબિશપ દેસેસ્કો ગીઓઇયા વગેરેએ ભાગ લીધો 'સેન્ટર ફોર ઇન્ડિયન એન્ડ ઇન્ટર-રીલિજીયસ સ્ટડીઝ'નો કાર્યભાર સંભાળતા ફાધર ઓગસ્ટિન થોટીકારાએ જૈન ધર્મ વિષયક વધુ પ્રશ્નો પૂછયા હતા. જૈન ડેલિગેશનના સભ્યોએ પણ ઉત્સુકતા પ્રગટ કરી હતી. યંગ જૈન (યુ. કે.)ના પ્રમુખ શ્રીમતિ દીના શાહે યુવાનોને ધર્માભિમુખ બનાવવા માટે ચર્ચા કરી હતી.

આ ઇન્ટરફેઇથ સંવાદને કારણે બંને ધર્મોએ પરસ્પરની ભાવનાઓની સમજણ, સાહિત્યનું આદાનપ્રદાન તથા મહત્ત્વપૂર્ણ ધાર્મિક સ્થળોની મુલાકાત લેવાનું નક્કી કર્યુ અને ભવિષ્યમાં પરસ્પર ગાઢ સંપર્ક રાખીને એકવીસમી સદીને વધુ ભાવના સમૃદ્ધ અને જીવન સમૃદ્ધ બનાવવાનું નક્કી કર્યુ અને બંને ધર્મોએ એક નવી દિશામાં વિચારવાની ક્ષિતિજ ઉઘાડી આપી.

卐

## એનું નામ ધર્મ.....


જીવનમાં જેનાથી દુર્ગુણોનો વિનાશ થાય અને
સદ્ગુણોનો વિકાસ થાય એનું નામ ધર્મ....

બીજાના સુખે સુખી અને બીજાના દુઃખે દુઃખી થવાની
સદ્ભાવના જગાડે એનું નામ ધર્મ....

નશ્વર સાથેની મોહ-માયા તોડી આપે અને
ઇશ્વર સાથેની મોહ માયા જોડી આપે એનું નામ ધર્મ....

For Private And Personal Use Only

# બા. બ્ર. પૂ. શ્રી શારદાબાઇ મહાસતીજીના વ્યાખ્યાન માળામાંથી



—મંત્રી : કાંતીભાઇ આર. સલોત

જૈન દર્શને તો સત્યની ખૂબ પ્રશંસા કરી છે પણ અન્ય દર્શને પણ કહ્યું છે કે સત્ય એ ભગવાન છે, સત્ય એ પરમેશ્વર છે, સત્યનો હંમેશા જય થાય છે.

આત્માને લોકપ્રિય વિશ્વાસનીય અને અનેક ગુણોનું ભાજન બનાવનાર સૌથી મહત્વનું કોઇ તત્વ હોય તો તે સત્ય છે. આજે ઘણી જગ્યાએ દુકાનો અને સ્ટોરો પર બોર્ડ મારેલા હોય છે કે, "એક જ ભાવ" આ પ્રમાણે આચરણ થતુ હોય છે ખરૂ ? જો એ પ્રમાણે વર્તન થતુ હોય તો તે આનંદની વાત છે, પણ બધાનો ભાવ એક જ હોતો નથી. "જેવો ઘરાક તેવા ભાવ" આ સુત્ર આજે ઠેર ઠેર ચાલી રહ્યું છે. વાતો મોટી મોટી સત્યની કરવાની પણ આચરણમાં નથી. જ્યાં સુધી આચરણ નથી ત્યાં સુધી શાંતિ મળવાની નથી.

હે આત્મા, જો તારે સંસારને તરવો છે, તો તું સત્યનું સેવન કર, કારણ કે સત્યની આજ્ઞામાં ઉપસ્થિત થયેલ બુદ્ધીમાન સાધક સંસારમાંથી તરી જાય છે, માટે સત્ય એ સાધકનું ધ્યેય હોવું જોઇએ. સમદ્રષ્ટિ અને મોક્ષાર્થી સાધક સત્યને લક્ષમાં રાખીને પુર્ણ બની જાય છે.

સત્યવાદી માણસોને હંમેશા મુશ્કેલીઓ આવે છે. તેમાં ટકી રહેવું મુશ્કેલ છે તેમાં ધૈર્યતાપુર્વક હિંમતથી જે તેમાં સ્થિર રહે તેને કલ્પના બહારનો લાભ મળે છે. એક વખત દિલ્હીમાં એક શેઠને સત્યમાં ઘણી મુશ્કેલી પડી તેનો તમને દાખલો આપુ.

એક સત્યનિષ્ઠ શેઠ માટે એક વખત દીલ્હી દરબારમાં ખોટી ભંભેરણી કરી દિલ્હીમાં રાજસિંહાસન ઉપર ફીરોજશાહ રાજા રાજ્ય કરતા હતા, તે શહેરમાં એક નગરશેઠ રહેતા હતા અને તે સત્યનિષ્ઠ હતા. જીવનમાં કયારેય પણ અસત્ય બોલતા ન હતા અસત્ય વિચારક આચરણ પણ કરતા ન હતા પ્રબળ પુણ્યોદયે તેમની પાસે સંપત્તિ ખૂબ હતી દિલ્હીમાં આવીને તેમણે ધંધો ખુબ વિકસાવ્યો હતો સત્યના પ્રભાવથી તેમનો ધંધો સારો ચાલ્યો, કીર્તિ ખુબ વધી, થોડા સમયમાં તે શેઠ એટલુ કમાયા કે તેમની ગણના તે જમાનામાં લક્ષાધિપતિઓમાં થવા લાગી. આ શેઠની પ્રશંસા ખૂબ થવા લાગી. તેથી કેટલાક ઈર્ષાળુ માણસોએ રાજાના કાન ભંભેર્યા. મહારાજા ! પેલા શેઠને બધા સત્યના અવતાર કહે છે તે સત્યાવતારનો બિલ્લો લઈને ફરે છે પણ અમને તો સાચું લાગતું નથી. રાજા કહે આપ શું કહેવા માગો છો ? મહારાજા ! તે શેઠ આપના નગરમાં આવ્યા બાદ ખૂબ ધન કમાયા છે. ઘણા ધનાઢ્ય થઈ ગયા છે. પણ આપના રાજ ભંડારમાં તે ખાસ કાંઇ આપતા નથી. રાજા કહે-તો તેમની પાસે કેટલુ ધન હશે ? અરે મહારાજા ! આઠથી નવ લાખ....સાંભળતા રાજા ચમકયા. તે જમાનામાં આઠથી નવ લાખ તો ઘણા હતા અત્યારે તો ૨૫ થી ૩૦ લાખમાં તો ઘણા મકાન લેવાય છે. ત્યાં આઠ લાખની શું કીંમત ? ઈર્ષાળુ માણસો કહે છે આપે તેનું ધ્યાન રાખવુ જોઈએ. તે વાણીયો ખોટું સત્યનું અભિમાન લઈને ફરે છે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ઇર્ષાળુઓની ઉશ્કેરણીથી ઉશ્કેરાયેલા રાજા...

રાજા કહે-હું હમણાં જ શેઠને બોલાવુ છું. તરત રાજાએ પોતાના વિશ્વાસુ સેવકને હુકમ કર્યો કે, જાઓ, જઇને નગરશેઠને કહો, કે, મહારાજા આપને બોલાવે છે. સેવકે શેઠ પાસે જઇને કહ્યું-શેઠજી, મહારાજા આપને બોલાવે છે-શેઠ કહે-ભલે હું આવું છું. હું રાજાની પ્રજાનો માણસ છું. રાજા બોલાવે ત્યારે મારે હાજર થવું જોઇએ. શેઠ તરત જ રાજદરબારમાં પહોંચી ગયા. વિનયપૂર્વક રાજાને પ્રણામ કરી ઉભા રહ્યા. મહારાજા! આપે મને કેમ બોલાવ્યો? આ સેવકનું જે કામ હોય તે ફરમાવો. રાજાએ પુછયુ-મારા દેશમાં આપના વેપાર ધંધા કેવા ચાલે છે? મહારાજા, આપની અસીમ કૃપા છે. મારો ધંધો ધીકતો ચાલે છે. હું જ્યાં હાથ નાખુ છું ત્યાં મારા પ્રયત્નો સફળ થાય છે. આપની દયાથી ખુબ કમાયો છું. અત્યારે દિલ્હીમાં મોટામાં મોટો ધનવાન હું છું. તો શેઠ! તમારી પાસે મિલ્કત કેટલી હશે? તમે કેટલુ કમાયા! આઠ લાખ કે દસ લાખ? રાજન્! હું અનુમાનથી કેવી રીતે કહી શકું? શેઠને થયુ કે જો હુ અનુમાનથી કહી દઉં તો ખોટું બોલાય જાય તો મારૂ વ્રત ભાંગે માટે હું હીસાબ કરીને કહીશ. આપ મને ચોવીશ કલાકની મુદત આપો. તે સમયમાં મારી પાસે કેટલી મીલ્કત છે તે ગણીને કહીશ; તેથી મને અસત્ય બોલવાનો દોષ ન લાગે. રાજા-કહે શેઠ! ભલે પણ જો એમાં જરા પણ છુપાવ્યુ છે-કે જુઠું બોલ્યા તો દંડ થશે. મહારાજા! આ જન્મ ધારણ કરીને આજ દિન સુધી હું અસત્ય બોલ્યો નથી. હવે અસત્ય શા માટે બોલુ?

## આખરે સત્યનો વિજય...

શેઠે ઘરે જઇને પોતાના વિશ્વાસુ માણસોને મિલ્કત ગણવા બેસાર્યા. સ્થાવર, જંગમ મિલ્કત લેણુ-દેવુ બધાનો પાઇએ પાઇનો હિસાબ કર્યો. બીજે દિવસે રાજસભામાં મેદની હઠ ભરાઇ ગઇ-ઇર્ષાળુ માણસો બોલે છે આ શેઠ સત્યવાદી, પ્રમાણિકતાનો બિલ્લો લઇને ફરે છે, આજે બધી ખબર પડી જશે. કુતુહલ વશ સેંકડો માણસો શેઠની સત્ય પ્રીયતાનું નાટક જોવા આવ્યા છે. બધાના મનમાં એમ કે આજે શેઠને સજા મળશે. કોઇ અંદરો અંદર કહે છે. આખરે તો વેપારીનો દીકરો છે ને? જરૂર એ ચાર લાખ ઓછા બતાવશે. રાજા-કહે કેમ શેઠ? હીસાબ કરી લાવ્યા? હા, મહારાજા! કુલ કેટલી રકમ થઇ? સાહેબ મે સ્થાવર મિલ્કત-જંગમ મીલ્કત રોકડ રકમ, લેણું-દેણું બધો હિસાબ કર્યો તો મારી મુડી ૮૪ લાખની થઇ. બધાએ ૧૦-૧૨ લાખ માન્યા હતા પણ ૮૪ લાખ કહ્યા ત્યારે રાજા અને આખી સભાના માણસો ચમકયા. શું ૮૪ લાખ? ઇર્ષાળુ આ સાંભળતા રાજી થયા. તે બોલવા લાગ્યા કે હવે તો શેઠનું આવી બન્યું. રાજા તેમને ગુનેગાર ગણશે ને ભારે શિક્ષા કરશે પણ અહીં તો જુદું જ બન્યુ....

બધાના આશ્ચર્ય વચ્ચે રાજાએ પોતાના ભંડારીને બોલાવ્યો ને કહ્યું શેઠની પાસે '૮૪ લાખ રૂપીયા છે. તમે ભંડારમાંથી બીજા ૧૬ લાખ રૂપીયા ગણીને લાવો.' આ સાંભળતા બધાને આશ્ચર્ય થયુ. બધાને તર્ક વિતર્ક થવા લાગ્યા કે રાજા ૧૬ લાખ મંગાવીને શું કરશે? એટલામાં ખજાનચી (ભંડારી) ૧૬ લાખની થેલીઓ લઇને આવ્યા. રાજાએ કહ્યું; આ સોળ લાખ નગરશેઠને હું બક્ષીસ કરૂ છુ. મારે તેમને કરોડપતિ બનાવવા છે. આજથી મારા પ્રજાજનોમાં સત્યનિષ્ઠ કરોડપતિ કહેવાશે. સત્યના પુજારી શેઠને તેમની સત્યતા માટે મારા તરફથી આ ભેટ છે. ધન્ય છે શેઠ તમારી સત્યતાને! આખી સભા એક અવાજે બોલી ઉઠી ધન્ય છે શેઠને! ધન્ય છે સત્યનું સન્માન કરવાવાળા રાજાને! ઇર્ષાળુ માણસો આ જોઇને પેટ કુટવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લાગ્યા. તેમના મનસુબા બધા ધુળમાં મળી ગયા. રાજાની બાજુમાં શેઠની ખુરશી પડવા લાગી. રાજાએ શેઠનું સન્માન કર્યું અને તેમને ભેટ આપી તે માત્ર ધનના કારણે નહિ પણ તેમની સત્યતાના કારણે. જે સત્યના પુજારી હોય છે તેને પ્રતિષ્ઠા, સન્માન, યશ, કીર્તિ આદિ પ્રાપ્ત થાય જ છે અનુભવીઓ પણ કહે છે કે સત્ય એક વિશાળ વૃક્ષ છે. સત્યના પુજારીનું નૈતિક બળ ખુબ વધે છે. મહાત્મા ગાંધીજીના સત્યાગ્રહિતા પાસે બ્રિટીશ જેવા શક્તીશાળીઓને સત્યની સામે પોતાના હથીયારો હેઠા મુકી દેવા પડ્યા. મનુષ્યની શક્તિ તેનું વ્યક્તિત્વ અને તેની મહાનતા બધુ સત્યમાં છુપાયેલું છે. સત્યની સામે મોટા સત્તાધારીઓને પણ ઝુકવું પડે છે. શેઠની સત્યતાના કારણે રાજા તેમની પાસે ઝુકી ગયા ને તેમનું સન્માન કર્યું. પહેલાના રાજા મહારાજાઓ કેવા ઉદાર અને વિશાળદિલી હતા? તે પ્રજાની સંપત્તિમાં કયારે પણ આડખીલ બનતા ન હતા છતા એવી સંપત્તિને પણ ઠોકર મારીને સાધુપણું લઈ લેતા આજે તો તમો સંસારમાં ચારે બાજુથી વીંધાઇ રહ્યા છો છતાં છોડવાનું મન થતુ નથી. આજે સેલ્સટેકસ, ઈન્કમટેકસ આદિ કેટલા લફરા છે? કે દાન દેવુ હોય તો–પણ સુખેથી ન દઇ શકો દાન આપો અને કહો ભાઇ! પૈસા લઈ જાવ પણ મારૂ નામ લખતા નહિ શા માટે?

આ નાણુ કયાંથી આવે છે!
સાથે શું શું લાવે છે?
અન્યાય, અનીતિ, કરચોરીને,
કાળા કામ કરાવે છે;
જે નાણામાં નિર્ધનની "હાય",
મહિમા તેનો વધતો જાય....અરે-વાહ....રે....વાહ

આજનુ નાણું અનીતિ, અન્યાયનું છે. શેઠનું નાણું નીતિનું ને સત્યનું હતું. શેઠ સત્ય બોલ્યા તો રાજાએ તેમનું માન વધાર્યું. તેમણે એ ચિંતા ન કરી કે હું સત્ય બોલીને મારી મીલ્કતનો આંક કહીશ તો રાજા મને શું કરશે? આજે મોટા ભાગે અસત્ય ચાલી રહ્યું છે. ઘરમાં, ધંધામાં, વહેવારમાં બધે અસત્ય ચાલે છે. ધન મેળવવા સત્યનો દેશનિકાલ કર્યો છે પણ વિચાર કરજો કે અસત્યમાં કેટલા કર્મો બંધાશે?

ઘણી દુકાનો પર "સત્ય મેવ જયતે" ના બોર્ડ ભીંત ઉપર લટકાયેલા હોય છે. પણ તેમના જીવનને તપાસીશું તો લાગશે કે આ બોર્ડ માત્ર દીવાલ ઉપર લટકાવવા પુરતા હોય છે. બોર્ડ સત્યના હોવા છતા કેટલાય ઘરાકો સાથે અસત્યનો વ્યવહાર થતો હોય છે. ભોળા ઘરાકો સાથે બેઈમાની કરીને ધંધામાં ફાવી જતા દેખાય છે. કેટલાય જીવો સાથે માયા કરી મિત્રો સાથે દગા પ્રપંચો ખેલીને તેમાં માને છે કે મે જીત મેળવી છે. અસત્ય બોલીને ધંધામાં પ્રગતિ કરી છે, હું ઘણુ કમાયો છું. "સત્ય મેવ જયતે"ના બોર્ડની કોઇ અંશ માત્ર અસર તેમના જીવનમાં દેખાતી નથી. ત્યાં તો ઉપરથી એમ કહે છે કે અમે જો સત્યનો ધંધો કરીએ. સત્યથી જીવન જીવીએ તો અમારે જીવવું ખુબ મુશ્કેલ બની જાય. અમારો બેઈમાન ભરલો ધંધો તો ચાલી શકે નહિ. તમે બધા પણ કહો છો. ને કે મહાસતીજી! આજે દુનીયા સત્યની નથી, અસત્યની છે. જો સત્યથી ધંધો કરીએ તો અમારૂ જીવન ચાલે નહી પણ ખુબ જ ઉંડાણથી તપાસ કરશો તો તમને જરૂર સમજાશે કે જેટલો વ્યવહાર સત્યમાં ચાલે છે એટલો અસત્યમાં નથી ચાલતો. તમે અસત્ય કરતા સત્ય વધુ બોલો છો.

તમે દુકાનેથી બપોરના ઘરે ગયા. તમને કકડીને ભુખ લાગી છે ત્યાં જો તમે એમ કહો કે મને ભુખ લાગી નથી તો જમવાનું મળે ખરૂ? ત્યાં તો સાચુ બોલવુ પડે છે કે મને ભુખ લાગી છે. ત્યાં જુઠું બોલતા નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તમારે બહારગામ જવુ છે તમે સ્ટેશને ગયા ત્યાં ટીકીટ લેતી વખતે સાચુ બોલો છો કે મને આ ગામ, શહેરની ટીકીટ આપો. અમદાવાદ જવુ હોય તો દિલ્હીની ટીકીટ માગો ખરા? ત્યાં ખોટુ બોલો ને બીજા ગામની ટીકીટ લ્યો તો શું થાય? એ તો તમે જાણો છો. ત્યાં સત્ય બોલવુ પડે છે. ડોકટર પાસે જાવ તો જે દર્દ થયુ હોય તે સત્ય કહેવું પડે છે ત્યાં અસત્ય બોલો તો દર્દની દવા બરાબર થાય નહિ, કોઇ ઠેકાણે સર્વીસ મેળવવી છે તે માટે ઇન્ટરવ્યુ આપવા જાવ તો ત્યાં પણ સત્ય બોલવુ પડે છે. પરીક્ષામાં પ્રશ્નોના જવાબ પણ સત્ય લખવા પડે છે. જો અસત્ય લખો તો પરીક્ષામાં ફેઇલ થાવ અને આખુ વરસ બગડે. તમારા વ્યવહારમાં જે સાચી સગાઇ હોય તે સંબંધમાં સત્ય બોલવું પડે છે. દાદાને, દાદીને, પપ્પાને, મમ્મીને સાચા નામથી બોલાવવામાં સત્ય બોલવુ પડે છે. તમારે પાણી પીવુ હોય ને દુધ માંગો તો પાણી નહી મળે, ત્યાં પણ પાણી માંગવુ પડે છે. આ રીતે સંસારમાં દરેક વ્યવહારમાં સત્ય બોલવુ પડે છે. અસત્ય બોલાતુ નથી. અસત્યથી, અનીતીથી મેળવેલુ ધન લાંબુ ટકી શકતુ નથી. વધુમાં વધુ દસ વરસ ટકે છે. આપણે આપણી ભાષામાં કહીએ છીએ કે ભાઇ તેનો આજે દસકો છે. આજે દુનિયામાં સર્વત્ર જુઠાનું વલણ ચાલી રહ્યું છે, સમાજનો મોટા ભાગનો વર્ગ અસત્યથી જીવી રહ્યો છે. જુઠુ બોલનાર માનવીનો કોઇ વિશ્વાસ નહી કરે. માણસ પોતાના સ્વાર્થ ખાતર અસત્ય બોલી રહ્યો છે.

એક વખત એક શેઠને ત્યાં સવારમાં કોઇએ આવી બારણું ખખડાવ્યું. નોકરે બારણું ખોલીને જોયુ તો એક ભાઇ ઉભા હતા. નોકરે પુછયું- આપ-અત્યારમાં કયાંથી આવો છો? આપને કેનુ કામ છે? પેલો ભાઇ કહે મારે શેઠનું કામ છે શેઠ ઘરમાં છે? નોકરના મનમાં થયુ કે આ સવારના પહોરમાં આવ્યો છે એટલે નક્કી કાંઇ લેવા આવ્યો હશે. એમ સમજીને શેઠ ઘરમાં હતા છતા, નોકરે કહ્યું-ભાઇ! શેઠ ઘેર નથી. તે બે દીવસ પહેલા બહારગામ ગયા છે. ભલે, હું કોઇકવાર ફરી આવીશ. આ શેઠના મેં ૫૦/હજાર રૂપીયા લીધા છે, મને થયુ કે ચાલ આજે હીસાબ ચોખ્ખો કરતો જાવ એટલે હું આવેલો. હવે બે-ત્રણ દીવસ પછી ફરીને આવીશ. નોકરને મનમાં થયુ કે આતો ભારે થઇ. તે વાત સુધારવા માટે ફરી અસત્ય બોલવુ પડે નોકરે તરત વાત ફેરવી દીધી. આ તો એમ છે ને કે બે દીવસ પહેલા શેઠ બહારગામ ગયા હતા પણ તેમનું કામ પતી ગયુ એટલે રાત્રે પાછા આવી ગયા છે. તમારે હીસાબ ચુકતે કરવો હોય તો આપ અંદર આવો, શેઠ હમણા જ જાગ્યા છે. આવનાર ભાઇને નોકરની વાતમાં વિશ્વાસ બેસે ખરો? જુઠુ બોલનારનો કોઇ વિશ્વાસ ન કરે.

સત્ય બોલનારને જો કોઇ મોટામાં મોટો લાભ હોય તો એ-છે-કે, તેને કયારેય પોતે શું બોલ્યો હતો તે યાદ કરવું પડતુ નથી અને અસત્ય બોલનારે તે યાદ રાખ્યા સિવાય ચાલતુ નથી સત્યવાદીને પકડાઇ જવાનો ભય હોતો નથી જ્યારે અસત્ય બોલનારને ડગલે ને પગલે પકડાઇ જવાનો ભય સતાવતો હોય છે એટલે અસત્યવાદીના જીવનમાં જેટલી વિસંવાદીતા જોવા મળે છે તેટલી વિસંવાદીતા સત્યવાદીના જીવનમાં હોતી નથી. જ્ઞાનીઓ સત્ય બોલવા ઉપદેશ આપે છે અને સાથે એ વાત પણ કરે છે કે તું સત્ય બોલે તો એવું બોલજે કે બધાને પ્રિય લાગે. ભાષા સત્ય હોવા છતાં જો પાપનું આગમન કરતી હોય તો તે ભાષા ન બોલવી.

જે ભાષા સાવધ પાપકર્મનું અનુમોદન કરનારી હોય, જીવોને ઉપધાન પહોંચાડે તેવી હોય, જીવોને પીડા પહોંચાડે એવી હોય તો એવી ભાષા ક્રોધ, લોભ, ભય અને હાસ્યને વશ થઇને હાંસી, મજાકમાં ન બોલો. તે માટે સત્ય પણ પ્રીયકારી ભાષા બોલવી. સત્ય બોલો પણ પ્રીય અને મીઠું બોલો. હજુ બીજા વૃતમાં શું વાત ચાલશે તેના ભાવ અવસરે..... 卐

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શોકાંજલિ

શ્રી જ્યોતિ સોપ ફેકટરીવાળા પારેખ પોપટલાલ રણછોડદાસ (ઉ. વર્ષ ૭૨) ભાવનગર મુકામે મહા વદ ૧૧ તા. ૨૫–૨–૯૫ સોમવારના રોજ સ્વર્ગવાસી થયેલ છે. તેઓશ્રી આ સભાના આજીવન સભ્ય હતા. તેઓશ્રી ખુબ જ ધાર્મીક વૃત્તિવાળા અને મીલનસાર સ્વભાવના હતા. તેઓશ્રી સભાના યાત્રા પ્રવાસમાં એક યાત્રા પ્રવાસમાં ડોનર તરીકે પણ હતા. તેમના કુટુંબીજનો ઉપર આવી પડેલ દુઃખમાં સભા સમવેદના પ્રગટ કરે છે. તેમના આત્માને પરમ શાન્તિ મળે એવી પરમકૃપાળુ પરમાત્મા પાસે પ્રાર્થના કરીએ છીએ.

લી.
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર

શ્રી બાબુલાલ દેવચંદભાઇ (કાઠીયાવાડ ઇલેટ્રીકવાળા) ઉં. વર્ષ ૭૯નો ભાવનગર મુકામે તા. ૯–૨–૯૫ના રોજ સ્વર્ગવાસ થયેલ છે, તેઓશ્રી આ સભાના આજીવન સભ્ય હતા અને ખુબજ ધાર્મીક વૃત્તીવાળા તથા મીલનસાર સ્વાભાવના હતા. તેમના કુટુંબીજનો ઉપર આવી પડેલ દુઃખમાં સભા સમવેદના પ્રગટ કરે છે. તેમના આત્માને પરમકૃપાળુ શાસનદેવ ચિર શાન્તી આપે એવી પરમકૃપાળુ પરમાત્મા પાસે પ્રાર્થના કરીએ છીએ.

લી.
શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેઇટ, ભાવનગર

શ્રી શાન્તિલાલ ભીમજીભાઇ શાહ (પતંગવાળા) ઉં. વર્ષ ૭૬ ભાવનગર મુકામે તા. ૬–૪–૯૫ના રોજ સ્વર્ગવાસી થયેલ છે, તેઓશ્રી. આ સભાના આજીવન સભ્ય હતા. તેઓશ્રી ખુબજ ધાર્મીક વૃત્તિવાળા અને મીલનસાર સ્વભાવના હતા. તેમના કુંટુબીજનો ઉપર આવી પડેલ દુઃખમાં સભા સમવેદના પ્રગટ કરે છે. તેમના આત્માને પરમકૃપાળુ શાસનદેવ ચિર શાન્તી આપે એવી પરમકૃપાળુ પરમાત્મા પાસે પ્રાર્થના કરીએ છીએ.

લી.
શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેઇટ, ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# हिन्दी विभाग

—[redacted] हिंमतलाल अनोपचंद मोतीवाळा

न्याय–विशारद–न्यायाचार्य–महोपाध्याय श्रीमद् 'यशोविजय'गणि–विरचिता
हिन्दी भाषानुवादभूषिता
श्री पुण्डरीक–शत्रुञ्जयगिरिराजविराजमान

## श्रीआदिजिनस्तोत्रम् ।

## श्रीपुडरीक शत्रुञ्जयगिरिराजमण्डन श्रीआदिजिनस्तोत्र

(गीत–छन्द)

आदिजिनं वन्दे गुण–सदनं,
सदन–तामलबोधं रे ।
बोधकतागुण–विस्तृतकीर्ति,
कीर्तितपथमविरोधं रे ।। आदि॰ १

गुणों के आगार, सत्, अनन्त तथा निर्मल ज्ञान से युक्त, ज्ञान प्रद गुणों से विस्तृत कीर्तिवाले और जिसका मार्ग सभी के द्वारा प्रशंसित है ऐसे वीतराग भगवान् आदि जिनेश्वर को मै वन्दन करता हूं । १ ।

रोधरहितविस्फुरदुपयोगं,
योगं दधतमभंग रे ।
भंगनयव्रजपेशलवाचं,
वाचंयमसुख-संग रे । आदि॰ २

अप्रतिहत–स्वतन्त्र उपयोगों से विभासित, अभंगयोग के धारक, भंग (विकल्प–विशेष) और नैगमादि नयों से सुन्दर वचनवाले तथा श्रमणों के सुख के लिये संगमरूप भगवान आदि जिनेश्वर को मैं बन्दन करता हूं ।२।

संगतपदशुचिवचनतरंग,
रंगत जगति ददानं रे ।
दानसुरद्रुममञ्जुलहृदयं,
हृदयंगमगुणभान रे । आदि॰ ३

संसार में सर्वोपयोगी आगम पदों से युक्त निर्मल वचनों की तरंगों से हर्षका वितरण करनेवाले, दान में कल्पवृक्ष के समान तथा मनोहर हृदयवाले और सुन्दर गुण से विभूषित भगवान आदि जिनेश्वर को मैं वन्दन करता हूं ।३।

भानन्दित–सुरवरपुन्नायं,
नागरमानसहंस रे ।



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

हंसगतिं पञ्चमगतिवासं,

वासवविहिताशंसं रे । आदि० ४

अपनी कान्ति से देवश्रेष्ठ और पुरुषश्रेष्ठ को आनन्दित करनेवाले, सज्जनों के अन्तःकरणरुप मानस सरोवर में हंस के समान, हंस के समान गतिवाले, पंचमगति (मोक्ष) में निवास करनेवाले तथा इन्द्र के द्वारा प्रशंसित ऐसे भगवान आदि जिनेश्वर को मैं वन्दन करता हूं ।४।

शंसन्तं नयवचनमनवमं,

नवमंगलदातारं रे ।

तारस्वरमघघनपवमानं,

मानसुभटजेतारं रे । आदि० ५

अनवद्य नय-वचनों को कहनेवाले, नवीन नवीर मंगल के दाता, उच्चस्वरवाले, पापरूपी बादलों को हटाने में वायु के समान तथा मान-अहंकाररुपी योद्धा को जीतनेवाले भगवान आदि जिनेश्वर को मैं वन्दन करता हूं । ५ ।

(वसन्त-तिलका-छन्द)

इत्थं स्तुतः प्रथमतीर्थपतिः प्रमोदा—

च्छ्रीमद् "यशोविजयवाचक"पुंगवेन ।।

श्रीपुण्डरीकगिरिराज-विराजमानो,

मनोन्मुखानि वितनोतु सतां सुखानि ६

इस प्रकार वाचक श्रेष्ठ 'श्रीमद् यशोविजयजी' द्वारा आनन्द-पूर्वक स्तुति किये गये, पुण्डरीक गिरिराज पर विराजमान भगवान आदि जिनेश्वर सज्जनों को सम्मान-पूर्वक उन्नति एवं सुख प्रदान करे । ६ ।

## यशोविजयजी और आनंदघनजी

यशोविजयजी उपाध्याय काशी में बारह वर्ष रहे । तीनसो वर्ष पहेले कि बात हैं । ब्राह्मण होकर रहे । जनेउ पहन कर रहे । साधुपना छोडकर रहे । गृहस्थ होकर रहे और काशीमें विद्वत्ता प्राप्त की । यह करने के बाद कई सभाएं जीती और इसके बाद 'न्यायविशारद' की उपाधि मिली ।

एक सभा ऐसी जीती कि जिसमें ५०० ध्वजाएं रक्खी गयी थी। उस सभामें प्रतिज्ञा थी कि, जो उस सभामें जीते, उसके आगे ये ५०० ध्वजाएं रहे । उस सभा को यशोविजयजीने जीत लिया । विहार करते करते जब गुजरात में जाते हैं, तो ५०० ध्वजाएं आगे लेकर चलते है कि मेरे जैसा दिग्विजयी कोई नहीं । एक गांवमें चले गये । महान विद्वान थे, उनका व्याख्यान चल रहा था ।

उन्हीं दिनों, वहां आनन्दघनजी भी थे । त्यागी, महात्मा, योगी, महासमर्थ, लब्धिवान थे। गांव के लोग उनके पास गये । लोगोंने



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

कहा- 'महाराज ! यशोविजयजी का व्याख्यान चल रहा है, आप भी व्याख्यान करिये ।

'एक दुकान चलती है, बहुत है । दो दुकानें चलाने की जरुरत नहीं । तुम्हे जो माल चाहिये, वहीं से मिल जाता हैं ।' खैर, आनन्दघनजी बडे योगी, महात्मा थे । आनन्दघनजी और यशोविजयजी दोनों मित्र थे । दोपहर को दोनों एक जगह बैठे हैं । बाते कर रहे है । आनन्दघनजी ने यशोविजयजी के सामने एक बात कही: 'सबसे बडे से बडा ज्ञानी आप किसको समझते है ?' यशोविजयजी ने उत्तर दिया कि: 'केवलज्ञानी को । केवली भगवान का ज्ञान सबसे बडा होता हैं ।' 'उनके नीचे किस को गिनते हो ? आनन्दघनजीने पूछा । यशोविजयजीने उत्तर दिया कि 'जो १४ पूर्वधारी थे उनको' । 'उनसे नीचे ?' 'बडे बडे महापुरुष-हरिभद्रसूरि, सिद्धसेन दिवाकर आदि आदि' । 'और उनके नीचे किनको गिनते है ?' हेमचन्द्राचार्य आदि अनेक हो गये ।'

इन लोगों के ज्ञान के आगे आपका ज्ञान ज्यादा है या कम है ?' 'आप क्या बात करते हैं ?' यशोविजयजीने कहा- 'मेरा ज्ञान कहां और इनका ज्ञान कहां ? उनके समुद्रका एक बिंदु मात्र को भी मैं नहीं पा सका '

'जिनका ज्ञान आपसे इतना ज्यादा था, उन्होने कभी ५०० झंडीये आगे लेकर विहार किया है ?'

यह सुनकर यशोविजयजी बहुत लज्जित हो गये । पश्चात्ताप करने लगे । 'अरे मेरे जैसा अभिमानी मनुष्य कोई और हैं ? काशी में रहकर पढा, शास्त्रों का ज्ञान हासिल किया लेकिन इन महापुरुषों के ज्ञान के आगे मेरा ज्ञान कोई चीज नहीं हैं ।'

कहने का मतलब क्या है ? विद्वान वही है, ज्ञानी वही है, सज्जन वही हैं, साधु वही है, आत्मार्थी, वीर, शक्तिशाली और समृद्धिशाली वही है जो अभिमान नही करता है ।

एक साधु, ज्ञानी, सन्त, समझदार, विद्वान होते हुए भी यदि अभिमान है, तो समज लेना चाहिये कि उतने ही अंशो में वह हीन है, कम है । जो सच्चे सज्जन, महापुरुष, ज्ञानी, सन्त और साधु पुरुष है, वे कभी अभिमान नहीं करते, और किसी की निन्दा भी नहीं करते । परन्तु आजकल, दुःख है कि हम इन बातों को नहीं समजते, दूसरों की निन्दा करते हैं, दूसरों के छिद्र ही छिद्र देखते रहते है, लेकिन अपने में हजार छिद्र भरे है। उनको कभी नही देखते ।

मनुष्य को कितना भी वैभव क्यों न प्राप्त हो जाय अथवा कैसी भी दरिद्रावस्था में उसे रहना पडे, नीति का त्याग नही करना चाहिए ।



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# धर्म का महत्व

जीवन-विकास के लिये मैंने आपको धर्म-अर्थ-काम इन तीनों पुरुषार्थो के साधन करने का अनुरोध किया, उसमें अर्थ और काम की साधना कैसे हों ? वह पुरुषार्थ कब हो सकता है ? ये बाते मै अबतक आप को बतला चूका हूं ।

अब मै आज 'धर्म' के विषय में कहुंगा। अर्थ और काम की अपेक्षा यह विषय विशेष महत्व रखता है, क्यों कि आज सारे झगडें हिन्दु-मुसलमान, जैंन और बौद्ध, जितने भी संसार के मनुष्य हैं, वे सब इसी 'धर्म' का नाम लेकर अधर्म का आचरण करते है । लडाई और झगडे करते है ।

यही कारण है कि लोग नास्तिक होते जा रहे है । 'धर्म' और 'ईश्वर' यह सब ढोंग है, इस प्रकार समझते जा रहे है । और ऐसा साहित्य हमारे देखने में आ रहा हैं । इन धार्मिक लडाई झगडों के कारण हमारे युवकों की धर्म पर से-साधुओं पर से श्रद्धा कम होती जा रही है ।

धर्म का महत्व—

धर्मकी कितनी आवश्यकता है ? धर्म क्या चीज है ! यह बतलाउंगा । शास्त्रकारोंने इसका इस तरह वर्णन किया हैं-

'दुर्गतौ प्रपतत् प्राणीन धारणात् धर्म उच्चते। मत्ते चैतान्शुभस्थाने तस्माद्धर्म इति स्मृतः ॥'

अर्थात दुर्गति में गिरते हुए प्राणी को धारण करता हैं, इसलिये धर्म है । केवल धारण करता है, उतना ही नहीं, धारण करके अच्छे स्थान में रखता है । शुभस्थान में स्थापित करता है. हमें अपनी जगह पर बिठाता है । इतना काम करता हैं, तब 'धर्म' कहलाता है ।

चाहे कोई साधु हों, किसीभी सम्प्रदाय का आचार्य हो, महापुरूष हो, किसी भी धर्म को माननेवाला हो. मान्य है । किन्तु वह धर्म के नाम से रगड़ा-झगडा करे, क्लेश-कंकास करे, टंटा फिसाद करे, खून-खराबी करे, हर तरह से घृणित बुराईयों अगर धर्म के नाम से करे, तो वह मान्य नहीं हो सकता, और वह 'धर्म' धर्म नहीं हैं बल्कि भयंकर से भयंकर अधर्म है । इसे खूब याद रखिये । धर्मका महत्व कितना है ?

युरोप की बात छोड दीजिये, वह तो जडवादी देश है, जडकी उन्नति ही अपना सब कुछ समझ रहा है । लेकिन हमारे देशमें, चाहे वह हिन्दु हो, जैन हो, बौद्ध हो, पारसी हो, मुसलमान हो, सिक्ख हो,-कोई भी सम्प्रदाय ये हो, धर्म को प्राण समझे हुए है । शास्त्रकारोंने धर्म के निमित्त से ही शास्त्र



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

बनाए, जगत की मनुष्य जाति के कल्याण के लिये अधर्म के मार्ग से छुडा कर सचे मार्ग पर लाने के लिये शास्त्र बनाये ।

सज्जनों, मैं प्राचीन शिलालेखों का संग्रह कर रहा था, जब मैं शिवपुरी में था और उन पर एक पुस्तक भी लिख रहा था । उस संग्रह में एक शिलालेख देखा जिस पर यह मुद्रालेख था ।

'चीरं जीयात् चीरं जीयात देशोऽर्थ धर्मरक्षणात

हमारा यह देश धर्म के रक्षण से लाखों–करोडों वर्ष तक जीता रहे । यह हमारे ऋषियों और मुनियों का वाक्य था । इतना महत्व हमारे हिन्दुस्तान में आर्य संस्कृति में धर्म को दिया जाता था । हमारे यहां तो यहां तक सिद्धान्त आ गया था कि जब साधु आशीर्वाद दें तो यह न कहे कि– धनवान भव, पुत्रवान भव, ऐश्वर्य वान भव ! ऐसा आशीर्वाद न दें ।

ऐतिहासिक बात है— सिद्धसेन दिवाकर राजा विक्रमादित्य के पास जाते हैं, किसी कारण से । उस समय विक्रमादित्य को एक अनुष्टुप श्लोक (जिस में ३२ अक्षर होते हैं) सुनाया जाता है । एक श्लोक सुनने पर पूर्व दिशा का राज्य उस साधु के चरणों में राजा धर देता है ।

दूसरा श्लोक सुनाते हैं– पश्चिम दिशा का राज्य धरता है । तीसरा श्लोक सुनाते है–उत्तर दिशाका राज दे देता हैं । और चौथा श्लोक सुनाने पर दक्षिण दिशा का राज्य भी दे डालता है ।

चार श्लोक में चार दिशाओं का राज्य देकर राजा चरणों में गिरता हैं और कहता है –'यह सब सिद्धसेन दिवाकर का राज्य है । उस समय विक्रमादित्य को आचार्यजी सुनाते है–'हमें राज्य की जरूरत नहीं । हम तो राज–पाट सब छोड चूके है । हमतो तुम्हें आशीर्वाद देने आये है । क्या आंशीर्वाद है सुनो—

'धर्मलाभका आर्शीवाद

दुर्वारा वारणेन्द्रः,
नितपवनजवा वाजिनः स्यन्दनौधाः,
लीलावन्त्यो युवत्यः,
प्रचलितचमरैभूषिता राजलक्ष्मीः ।
उद्धश्वेतातपत्रं,
चतुरुदधितटीसङ्कुला भेदनीयम,
प्राप्यन्ते यत्प्रभावात
त्रिभुवनविजयो सोऽस्तु वो धर्मलाभः ।।

अर्थात– हाथी और घोडे की समृद्धि जिस के कारण से प्राप्त होती हैं, सुन्दर से सुन्दर रूपवती पतिव्रता धर्म का पालन करनेवाली स्त्रीयों जिस के कारण से मिलती हैं, जिस के मस्तक पर छत्र धारण होता है, जिस के कारण से चार समुद्रो से घिरी हुई पृथ्वो मिलती है, जिस के कारण से त्रिभुवन की लक्ष्मी और त्रिभुवन का विजय प्राप्त होता है ऐसा 'धर्मलाभ' हे राजन तुम्हे हों ।'



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ऐसी दुनिया की कौनसी चीज है जो धर्म से न प्राप्त होती हो ? । मात्र एक धर्म के प्रभाव से ही आज आप लोग ऋद्धि सिद्धि को प्राप्त किये हुए है । सुन्दर शरीर आप को मिला हैं । पुत्र, परिवार, इज्जत, कीर्ति, पचेन्द्रिय की पटुता, तमाम प्रकार के सुन्दर से सुन्दर साधन मिले हुए है । ये सब एक मात्र धर्म के कारण से ही प्राप्त हुए है ।

कुछ लोग यह कह सकते है कि दीर्घायुर्भव पुत्रवान भव, इत्यादि आशीर्वाद देने में क्या हरकत है ! जैन साधु 'धर्मलाभोऽस्तु' ऐसा आशीर्वाद क्यों देते हैं ? पहले कह चूका कि धर्म में सब का समावेश होजाता है, और यदि 'दीर्घायुर्भव ।' इत्यादि आशीर्वाद दिया जाय तो इसका कोई महत्व नहीं है । क्योंकि—

दीर्घायुर्भव ! भण्यते यदि,
तदा तन्नारकाणामपि,
सौख्यार्थ धनवान भवेद,
यदि पुनस्तन्म्लेच्छकानामपि ।
सन्तानाय च पुत्रवान भव,
पुनस्तत कुकुटानामपि
तस्मात सर्वसुखप्रदोऽस्तु भवतां,
श्रीधर्मलाभा श्रिये ।।

अर्थात- यदि कहते है कि दीर्घायुष्य हो, तो नारकी के जीवों को भी लम्बी आयुष्य होती है । सुख के लिये धनवान हो तो म्लेच्छों के पास भी धन तो बहुत होता हैं । सन्तान के लिये पुत्रवान हो, तो कुक्कुटों को भी बहुत बच्चे होते है । इसलिये जैन साधु समस्त सुखों को देनेवाला कल्याणकारी 'धर्म-लाभ' का आशीर्वाद देते है ।

दुनियादारी के पदार्थों का प्राप्त होना कोई बडी बात नहीं है । पैसा, पुत्र, स्त्री, महल, मकानात इत्यादि साधन ससारी मनुष्यों के लिये जरुरी है. परन्तु उसका सदुपयोग और दुरुपयोग दोनों हो सकता हैं । किन्तु समस्त चीजों को देनेवाला इहलोक और परलोक दोनों को सुधारनेवाला धर्म ही है ।



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# धर्म की प्राप्ति मात्र धन से नहीं

उपाध्याय श्री ज्ञानसागरजी महाराज

धर्म को पैसे के बल पर नहीं खरीदा जा सकता। धर्म तो त्याग और संयम से संभव है। वासना और विलासिता से स्वयं को बचाना ही धर्म हैं। त्याग की भावना ही धर्म का श्रेष्ठ स्वरूप है। चोरी, अन्याय शोषण और गलत कार्यो से कमाया हुआ धन यदि दान में दिया जाता है तो वह दान नहीं है। श्रम और न्याय से कमाया हुआ धन ही धार्मिक कार्यो में सफल होता हैं। धर्म की साधना गरीब, अमीर सभी एक समान कर सकते हैं। सभी चैतन्य ज्योति से परिचय कर सकते है। दान देकर जो बडाई और ख्याति के चक्कर में रहते है वे धर्म को धारण नहीं कर सकते। धर्म के लिए निर्मल परिमाण बनाना आवश्यक हैं। तृष्णा को सीमित करके धन और धर्म का समीकरण करना होगा। पेट रोटियों से भरेगा रुपया, पैसा, सोना और चांदी से नहीं। धार्मिक परिवार वे ही है जो होटलों और क्लबों से अपने पारिवारिक सदस्यों को दूर रखते हैं। जिन परिवारों में होटल और क्लब की संस्कृति ने प्रवेश कर लिया उन परिवारों में सुख, शांति और चैन दूर हो जाएगी। वे नैतिकता से भी अपने को कोसों दूर ले जाएंगे। तामसिक भोजन से धर्म में मन नहीं लगता। निर्मल और त्याग भाव भी उन्हे प्राप्त नहीं होगा। धन के वैभव और ठाठ-बाट के प्रदर्शन गलत और असंगत है। स्वयं के मेहनत से कमाये हुए धन पर बिश्वास रखो। दहेज से और माता पिता द्वारा अर्जित सम्पत्ति पर मोह मत करो इससे पुरुषार्थ भावना समाप्त होती है। आपके दिखावे और प्रदर्शन से गरीब व्यक्ति बरबाद हो जाएंगे। आपका धन वैभव स्थायी तो है नहीं। जब यह चला जाएगा तब आपका जीवन घोर संकट में पड जाएगा। धम की गहराइयों में जाने का उद्देश्य जीवन में पूर्ण समता का निर्माण करना है तथा ऐसा करने पर ही जीवन का आनन्द लिया जा सकताहै। धर्माचरण से अनिश्वरता का ज्ञान सत्यता तथा निराकुलता का सहज अनुभव होता है। धर्म में रूढिवादिता को स्थान नहीं दिया जाना चाहिये तथा वैज्ञानिक पद्धति को अपनाना चाहिए। इससे जीवन में प्रफुल्लता प्रगट होगी। जीने की कला के लिए धर्म श्रेष्ठ माध्यम हैं। जो लोग धर्म के वास्तविक स्वरुप को जानते पहचानते नहीं वे आंखे होते हुए भी चक्षु विहीन हैं।



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

जिन्होने धर्म की गहराइ को नहीं समझा वे जीवन को मिथ्या मार्गी बना लेते हे। धर्म दुःखों से मुक्ति दिलाकर सुखी बनाता है। वास्तव में जो प्राणियों को सुख की ओर ले जाते वही सच्चा 'धर्म हैं। चित्त में निर्मलता परिणामों शुद्धि तथा श्रेष्ठ आचरण ही धर्म की उच्च स्थिति हैं। जिन आचरण से दूसरों को कष्ट हो वैसा आचरण नहीं करना चाहिए। प्रवृत्ति ऐसी होनी चाहिए जो आपके लिए शांति का कारण बनें जीवन में किये गये पुण्य, पाप ही साथ जायेंगे अन्य नहीं। अतः अच्छे कार्य करके मोक्ष प्राप्ति हेतु का ही एकमात्र लक्ष्य होना चाहियें। साधना हेतु मात्र व्रत, उपवास माध्यम ही नहीं उचित अनुचित का पूर्ण ज्ञान भी जरूरी है। जो जीवन में शांति का लक्ष्य बनाये हुए है वे साधनारत कहे जाते है। साधना में तल्लीन साधक खोटे विकल्पों से बचता है। व्यर्थ की बात सोचने वाले सदा रोगी रहते है। क्षमा एक महान शस्त्र है। इसे जीवन में धारण किये बिना कोई भी महान नहीं बन सकता। जिसके जीवन में मैत्री का विकास नहीं हुआ वे परमात्मा से परिचय नहीं कर सकते। जो सच्चा भक्त है वही भगवान बन सकता है। जिन्होंने शरीर से आसक्ति घटायी है वे ही आत्म ज्योति एवं चैतन्य का दर्शन करते है। जीवन में जो जितना अभिमानी होगा उसका जीवन उतना ही अंधकारमय रहेगा। जो अहंकारी होता हैं वह अपने सामने किसी को कुछ नहीं समझता। जिसके जीवन में मैं और मेरे पन की भावना रहेगी वह व्यक्ति ही अहंकारी होगा। अहंकार जो कर रहा हैं वह अपना जीवन प्रकाशित नहीं कर सकता है। संतो ने कहा कि पूजा, पाठ एवं जप का लाभ तभी होगा जब जीवन में समता, आस्था एवं धर्माचरण का ग्रहण किया जाए। यदि ऐसा नहीं किया जाता है तो इनका लाभ संभव नहीं है। संसार में कहीं भी सुख नहीं है। यदि संसार में सुख होता तो तीर्थंकर इसको क्यों त्यागते। अनेक राजा, महाराजा वैभव और ठाठ-बाट को त्याग कर क्यों संत का जीवन ग्रहण करते? वे वनों में क्यों चले गये? संसार में सभी दुखी है। कोई कम दुखी हैं तो कोई ज्यादा, परंतु हैं सभी दुखी इसलिए जीवन में श्रम को महत्व दें। अपने भावों को निर्मल बनाएं। नियमादि का निरन्तर पालन करें। जिससे परिवारों में धार्मिकता एवं सुख शांति की लहर छा जायेगी। ❀



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# યાત્રા પ્રવાસ



શ્રી જૈન આત્માનંદ સભા તરફથી
સં. ૨૦૫૧ના ચૈત્ર શુદ ૨ રવિવાર તા. ૨-૪-૯૫ના રોજ
પાલીતાણા યાત્રા પ્રવાસ રાખવામાં આવેલ હતો,
અને દાદાના દરબારમાં ચૈત્ર શુદ ૧ના રોજ
ડુંગર ઉપર પુજા ભણાવવામાં આવી હતી
તેમાં સભાના સભ્યશ્રી ભાઇઓ તથા બ્હેનો
સારી એવી સંખ્યામાં પાલીતાણા યાત્રા પ્રવાસમાં આવેલ હતા.
આ યાત્રા પ્રવાસ મહા માસ તથા ચૈત્ર માસનો
સંયુક્ત રાખવામાં આવેલ હતો
તેમાં નીચેના ડોનરો તરફથી ગુરૂભક્તિ તથા સ્વામીભક્તિ
શ્રી તખતગઢ જૈન ધર્મશાળામાં કરવામાં આવી હતી,
જેમાં ગુરૂભક્તિ તથા સ્વામીભક્તિનો સારો લાભ મળેલ હતો.

## મહા માસ તથા ચૈત્ર માસની યાત્રા પ્રવાસના દાતાશ્રીઓ

| | | |
|---|---|---|
| (૧) | શ્રી કાંન્તિલાલ રતીલાલ સલોત, વનીતા સાડી સેન્ટર, | ભાવનગર |
| (૨) | શ્રી પોપટલાલ રવજીભાઇ સલોત | ભાવનગર |
| (૩) | શ્રી ખીમચંદભાઇ પરસોત્તમદાસ શાહ | ભાવનગર |
| (૪) | શ્રી હઠીચંદ ઝવેરભાઇ શાહ | ભાવનગર |
| (૫) | શ્રી વનમાળીદાસ ગોરધનભાઇ શાહ | મુંબઇ |
| (૬) | શ્રી સાકરલાલ મોતીચંદ શાહ | મુંબઇ |
| (૭) | શ્રી કપુરચંદ હરીચંદ શાહ ( માચીસવાળા ) | ભાવનગર |
| (૮) | શ્રી વૃજલાલ ભીખાલાલ શાહ-દલાલ | ભાવનગર |
| (૯) | શ્રી નાનચંદભાઇ તારાચંદ શાહ | મુંબઇ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Shree Atmanand Prakash Reg. No. GBV. 31

## સંબંધો સ્વાર્થના....

सर्वेऽल्पकालाः संयोगाः,
सर्वे स्वार्थपरायणाः ।
न रागीभवनं क्वापि,
कल्याणाय सुखाय च ॥

卐

* બધા સંયોગો-સંબંધો થોડા જ વખતના છે. સામાન્યતઃ સર્વત્ર સ્વાર્થપરાયણતાનાં જ દર્શન થાય છે. અતઃ ક્યાંય રાગબદ્ધ થવું નથી સુખકારક કે નથી કલ્યાણકારક.

卐

* All relative connections are transitory. All are self-seeking. So to be subjected to illusory attachment to any, brings one neither welfare, nor happiness.

प्रति,

BOOK-POST

From,
શ્રી આત્માનંદ પ્રકાશ
ઠે. શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેટ, ભાવનગર-૩૬૪૦૦૧

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર
મુદ્રક : સાધના મુદ્રણાલય, દાણાપીઠ પાછળ, ભાવનગર

For Private And Personal Use Only